નવા 3 કેસ વાંસદા તાલુકાના અને એક કેસ ચીખલી તાલુકાનો, એક્ટિવ કેસોની સંખ્યા 7 થઈ

નવસારી જિલ્લામાં એક જ દિવસે રસીના બન્ને ડોઝ લેનાર 4 જણા કોરોના પોઝિટિવ

સંપૂર્ણ વેક્સિનેટેડ પણ તકેદારી ન રાખે તો જોખમ, કોવિડ રસી લીધેલ હોય તેવા દર્દીઓની સ્થિતિ સારી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી જિલ્લામાં શનિવારે એક જ દિવસે કોરોનાના 4 પોઝિટિવ કેસ નોંધાયા હતા. નોંધનીય બાબત એ છે કે પોઝિટિવ તમામે રસીના બન્ને ડોઝ લીધેલ હોય સ્થિતિ સારી છે.

દિવાળી બાદના શુક્રવાર સુધીના 5 દિવસ દરમિયાન જિલ્લામાં માત્ર 2 જ કેસ નોંધાયા હતા. જોકે શનિવારે એક જ દિવસે 4 પોઝિટિવ કેસ બહાર આવ્યા હતા. જે કેસ સરકારી ચોપડે નોંધાયા તેમાં વાંસદા તાલુકાના 3 કેસ છે, જેમાં રંગપુર ગામનો 21 વર્ષીય અને 34 વર્ષીય પુરુષ ઉપરાંત વાસકુઈ ગામનો 32 વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. ચીખલી તાલુકાના રેઠવાણિયાની 33 વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે 4 કેસ બહાર આવ્યા તે તમામ દર્દીએ રસીના બન્ને ડોઝ લીધા છે. જોકે રસી લીધેલ હોય દર્દીઓની સ્થિતિ સારી રહી છે. આ બાબત એ પણ પ્રસ્થાપિત કરે છે કે રસીના બન્ને ડોઝ લેવા છતાં પણ સંક્રમણ થઈ શકે છે અને તેથી તકેદારી રાખવી જરૂરી છે. વધુ 4 કેસોની સાથે જિલ્લામાં કુલ કેસોની સંખ્યા 7254 થઈ છે. કુલ રિકવર સંખ્યા 7054 જ રહી છે. એક્ટિવ કેસ વધી 7 થયા છે, જેમાં 3 દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને 4 જણા હોમ આઈસોલેશનમાં છે.

દિવાળીમાં ફરવા ગયેલાનો કરાતો ટેસ્ટ

હાલ દિવાળીની મોસમમાં જિલ્લામાં ઘણાં લોકો જિલ્લા, રાજ્ય બહાર યા દેશ બહાર ફરવા ગયા હતા. જેમાંથી કેટલાક પરત આવી ગયા છે અને કેટલાક હવે આવશે. આ સ્થિતિમાં સરકારે બહારગામથી પરત આવેલાઓનો કોવિડ ટેસ્ટ કરવાની સૂચના તંત્રને આપી છે. વધુમાં ટુરીસ્ટ પ્લેસ યા જ્યાં વધુ લોકો ભેગા થાય ત્યાં પણ ટેસ્ટ કરવાની સૂચના આપી છે.

1 હજારે 800 RTPCR ટેસ્ટ થાય છે

ભૂતકાળમાં જિલ્લામાં જે કોવિડ ટેસ્ટ કરાતા હતા. તેમાં આરટીપીસીઆર ટેસ્ટ કરતા રેપીડ એન્ટીજન ટેસ્ટ વધુ કરાતા હતા. જોકે કેટલાક સમયથી વધુ વિશ્વસનીય આરટીપીસીઆર ટેસ્ટ જ વધુ કરાય છે. મળતી માહિતી મુજબ દર 1 હજારે 700થી 800 આરટીપીસીઆર ટેસ્ટ જ વધુ કરાય છે.

સ્કૂલોમાં વિદ્યાર્થીઓનો હાલ ટેસ્ટ નહીં

18 વર્ષથી નીચેની વયના છોકરાઓને રસી મુકાઈ નથી. આ સ્થિતિમાં થોડા દિવસો અગાઉ શાળાઓમાં પણ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરાતો હતો. જેમાં કેટલાક પોઝિટિવ પણ આવ્યાં હતા. જોકે હાલ દિવાળીનું વેકેશન હોય શાળાઓ બંધ છે તેથી શાળાઓમાં વિદ્યાર્થીઓનો ટેસ્ટ બંધ છે.

ખરોલીમાં દીપડાનું બચ્ચુ જાહેરમાં ફરતુ દેખાતા ભય

વન વિભાગે બચ્ચુંને કબજે લઈ સારવાર આપી

ભાસ્કર ન્યૂઝ | ચીખલી

ચીખલી તાલુકાના ખરોલી ગામે દીપડાનું બચ્ચું જાહેરમાં ફરતું દેખાતા સ્થાનિકોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. જોકે વન વિભાગે દીપડાના બચ્ચાને કબ્જે લઈ સારવાર કરાવી હતી.

ખરોલીના પહાડ ફળિયા વિસ્તારમાં ધોળીકૂવા-અનાવલ રોડ સ્થિત પ્રદીપ ધીરુભાઈ પટેલના ખેતરમાં જાહેરમાં દીપડાનું બચ્ચું ફરતું નજરે ચઢતા સ્થાનિકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. બચ્ચું ફરતું હોવાથી તે તેની માતાથી વિખૂટું પડ્યું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી હતી. અંદાજે 5-6 માસના દીપડાના નર બચ્ચાને વન વિભાગે કબજે લઈ સારવાર કરવી હતી. આ પૂર્વે વન વિભાગ દ્વારા બચ્ચાને તેની મા લઈ જાય તે માટે નિગરાણી રાખવામાં આવી હતી. દીપડાનું બચ્ચું મળી આવતા આ વિસ્તારમાં હજુ પણ બીજા દીપડા હોવાની આશંકા સેવાઈ રહી છે. ચીખલી તાલુકામાં હાલ શેરડીનું કટિંગ ચાલી રહ્યું હોય ખેતરો ખાલી થતા હવે દીપડાની અવર જવર ખુલ્લી જગ્યામાં જોવા મળશે. જોકે ચીખલી રેન્જના આરએફઓ એચ.એમ.વાઘેલા સહિતના સ્ટાફ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે.

વાંસદા કોંગ્રેસની કારોબારીમાં ધારાસભ્યના સરકાર પર ચાબખાં

આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે : અનંત પટેલ

ભાસ્કર ન્યૂઝ | વાંસદા

વાંસદા તાલુકાના માનકુનિયા ગામે ખોરા ફળિયામાં કોંગ્રેસ સમિતિની કારોબારીની મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં નવા વરાયેલા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શૈલેશભાઈ પટેલ હાજર રહ્યાં હતા. વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ભાજપ સરકારના ભ્રષ્ટાચાર અને મોંઘવારી અંગે રોષ ઠાલવ્યો હતો. જેમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવો, જુઠા વાયદાઓ અને આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ આ ભાજપ સરકાર કરી રહી છે. નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખે જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં કોંગ્રેસની સરકાર બનશે. પ્રજા ત્રસ્ત છે, મોંઘવારી માઝા મૂકી છે. કોંગ્રેસ સમિતિ હાલ કોંગ્રેસના સભ્યપદના ફોર્મ ભરશે તેમજ લોકોમાં જનજાગૃતિ લાવવા લોકોના વિસ્તારમાં જઈ જનજાગૃતિના કાર્યક્રમો કરશે. વિરોધપક્ષના નેતા ચંદુભાઈ જાદવે પણ આદિવાસી વિરોધી સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે સરકાર મફત ગેસ કનેક્શન આપીને ગેસના ભાવ આસમાને ચઢાવ્યા છે.

ગ્રાહકોની સબસિડી પણ બંધ કરી નાંખી છે. અમારા વિસ્તારના લોકો ગેસ બંધ કરી ઘરમાં લાકડા સળગાવતા થઈ ગયા છે. જરૂરિયાતમંદ લોકો જાતિના દાખલાઓ માટે વારંવાર કચેરીઓમાં ધરમધક્કા ખાઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રભુભાઈ દેશમુખ, હસમુખભાઈ, અંજના ગામીત, બારૂકભાઈ ચૌધરી, પ્રભુભાઈ, યોગેશ દેસાઈ, અંકિત ગામીત, કેશવભાઈ, નિકુંજ ગામીત સહિતના કાર્યકર્તાઓ સહિત માનકુનિયાના સરપંચ જયંતિભાઈ, દીપકભાઈ, સંજયભાઈએ જહેમત ઉઠાવી હતી.

ચીખલી-વાંસદા સ્ટેટ હાઈવે પર આવેલા ગામોના મોટાભાગના પીકઅપ સ્ટેન્ડ જર્જરિત હાલતમાં

જોખમી બનેલા પીકઅપ સ્ટેન્ડની મરામત અંગે તંત્રની બેદરકારી, દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ તે મોટો સમાવ

ભાસ્કર ન્યૂઝ | ચીખલી

ચીખલી-વાંસદા સ્ટેટ હાઈવેના કેટલાક ગામોમાં પીકઅપ બસ સ્ટેન્ડ છેલ્લા ઘણા વર્ષથી ખંડેર અવસ્થાને પગલે બિનઉપયોગી બન્યા છે. મુસાફર વર્ગ માટે માથાનો દુઃખાવો સમાન બન્યા છે. જેને લઈને અંતરિયાળ વિસ્તારના લોકોમાં યોગ્ય કામગીરી થાય તેવી માગ ઉઠી છે.

ચીખલી તાલુકાના અંતરિયાળ વિસ્તારના સમાવિષ્ટ ગામો જોકે, મુખ્ય માર્ગથી પીકઅપ 1થી 2 કિમી દુર આવેલ આ ગામ હોવાથી ગામની પ્રજા માટે પીકઅપ બસ સ્ટેન્ડની અગત્યતા વધી જાય છે. આ ઉપરાંત આ સ્ટેન્ડથી અંદરના ગામડામાં રહેતા લોકોને 3-4 કિમી અંતરે ત્યાંના લોકોએ દુરથી બસ કે વાહનો પકડવા માટે પગે ચાલીને આવવું પડતું હોય છે. અહીંની પ્રજા માટે પીકઅપ સ્ટેન્ડ બિન ઉપયોગી બન્યા હોવાથી મુસાફરોની સતત મુશ્કેલી વધી રહી છે. ખાસ કરીને હાઈવે પર મોટાભાગના પીકઅપ સ્ટેન્ડની ખંડેરતાને પગલે અંદરના ભાગે પ્રવેશ કરવામાં પણ મુસાફરોને ભય અનુભવાય છે. જોકે, ચોમાસા જેવા દિવસોમાં મજબૂરીવશ અંદર બેસવાની નોબત આવે છે પરંતુ તૂટેલી છતને કારણે અંદર સહારો લેવાનો પ્રયાસ પણ વ્યર્થ બને છે. જ્યારે અંતરિયાળ વિસ્તારમાં ઘણાં પીકઅપ સ્ટેન્ડ ખંડેર હાલતમાં છે, તેમ છતાં સરકારી તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નથી. પીકઅપ સ્ટેન્ડ જર્જરિત બનતા આમજનતા માટે બિનઉપયોગી અને વધુ જોખમી બને તે પહેલા જ તેનું રિપેરિંગ કાર્ય થાય તેવી લોકમાગ ઉઠી છે.

સિલ્વર રાનકુવા બસ સ્ટેન્ડ સિલ્વર
પાન સેન્ટર

આસપાસના ગામવાસીઓ પણ અહીંથી મુસાફરી કરે છે

રાનકૂવાના સ્થાનિક દ્વારા જણાવવામાં આવ્યું કે આ પીક અપ સ્ટેન્ડમાં વરસાદમાં પાણી ભરાઈ જાય છે અને રાનકૂવા એ સતત વિકસતું ગામ છે. આજુબાજુના 10થી 15 ગામના લોકો અહીંથી મુસાફરી કરે છે.

તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાય તે ખૂબ જરૂરી

પીકઅપ સ્ટેન્ડમાં ઉપરથી તૂટી ગયેલા પતરાઓ ઉપરાંત બેઠક વ્યવસ્થા પણ તૂટીને નષ્ટ થઈ જતાં તેમાં પ્રવેશી સહારો લેવો મુશ્કેલ છે. જેને પગલે લોકોએ મુશ્કેલી પડતી હોવા છતાં રોડની બાજુમાં તડકામાં ઉભા રહેવું પડે છે ત્યારે પ્રજાના હિતમાં ઝડપી કાર્યવાહી થાય તે જરૂરી છે.

વિદ્યાર્થીઓ બારેમાસ મુશ્કેલી વેઠી રહ્યાં છે

ગામના લોકો તાલુકા મથકે કે અન્ય કામ ધંધાર્થો મુસાફરી કરતી વેળા આ ખંડેર પીકઅપ સ્ટેન્ડને લીધે મુસાફરો પરેશાન થઈ જતા હોય છે. બારેમાસ અપડાઉન કરતા કોલેજ કે આઈટીઆઈમાં ભણતા વિદ્યાર્થીઓ તો બારેમાસ મુશ્કેલી વચ્ચે મુસાફરી કરી રહ્યાં છે.

અમલસાડ સ્ટેશનથી ઉપડતી ચીકુની સ્પે.ટ્રેનની જોવાતી રાહ

13થી વધુ મંડળીઓ દ્વારા ચીકુનું પરિવહન કરાય છે

ભાસ્કર ન્યૂઝ | ગણદેવી

આ વર્ષે દિવાળી પછી ચીકુની નવી સિઝનનો લાભ પાંચમથી પ્રારંભ થયો છે ત્યારે ફરી પાછો આ પ્રશ્ન ખેડૂતોમાં પૂછાઈ રહ્યો છે. આ પ્રશ્ને કેટલાક ખેડૂતોએ અને કેટલાક ખેડૂત અગ્રણીઓએ સાંસદ સી.આર.પાટીલ, ગુજરાત સરકારના પુરવઠા મંત્રી નરેશભાઈ પટેલ અને ધારાસભ્ય તેમજ અન્યોને પણ રજૂઆત કરી છે. જેથી એક તરફ ડીઝલના વધેલા ભાવોને લઈને માર્ગ પરિવહન ખૂબ જ મોંઘું થયું છે તો બીજી તરફ રેલવે દ્વારા ફળ પરિવહન પર 50 ટકા જેવી રાહતને લઈને ચીકુનો પરિવહન રેલવે દ્વારા વધુમાં વધુ થાય એવી લાગણી પ્રવર્તી રહી છે. અમલસાડ યાર્ડથી ચીકુ સ્પેશિયલ ટ્રેન રેલવે સત્તાધીશો દ્વારા બને એટલી ઝડપી ત્વરાએ પ્રારંભ કરવામાં આવે એવી લાગણી ખેડૂતો દ્વારા આ પ્રતિનિધિઓ સમક્ષ અવારનવાર વ્યક્ત કરવામાં આવી છે.

અમલસાડ ઉપરાંત ગણદેવી, ગડત, ખારેલ, નવસારી, અજરાઈ, ચીખલી, બીલીમોરા સહિતની 13થી પણ વધુ ખેડૂત સહકારી મંડળીઓ અને એપીએમસી દ્વારા ચીકુનું અમલસાડથી ટ્રેન મારફતે પરિવહન કરાતું હતું અને રોજિંદી એક ટ્રેન નિયમિતપણે ચીકુના બોક્સ ભરાઈને દિલ્હી જતી હતી. જેનો સીધો ફાયદો ગતવર્ષે ખેડૂતોને થયો હતો. ચીકુના સારા ઊંચા ભાવો ખેડૂતોને મળ્યા હતા. જેથી ખેડૂતો આ વર્ષે પણ ચીકુ સ્પેશ્યલ ટ્રેન બને એટલી ઝડપથી શરૂ થાય તેવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે. આ પ્રશ્ને અમલસાડ ખેડૂત મંડળી ઉપરાંત ગડત, ખારેલ, ગણદેવી, અજરાઈ સહિતની વિવિધ સહકારી મંડળીના સત્તાધીશો પણ પ્રયત્ન કરી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે. રેલવે સત્તાધીશો આ બાબતે જરૂરથી ધ્યાન આપશે એવી પણ આશા વ્યક્ત કરાઈ રહી છે.

પત્ની પહેલા પતિની વર્ષીમાં જતાં બીજા પતિએ ઝેર પી લીધું

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

કામરેજ તાલુકાના કઠોર ગામે જલારામ એપાર્ટમેન્ટમાં રહેતા યુવક જયંતીભાઈ જગદીશભાઈ સોલંકી જેઓ ગત 10મીના રોજ નવી પારડી ખાતે આવેલી સુમુલ ડેરી પાસે ઝેરી પ્રવાહી પી આત્મહત્યા કરી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કઠોર ખાતે રહેતા જયંતીભાઈ સોલંકી (38)ની પત્ની પોતાના પહેલા પતિની વરસી માટે મુંબઈ ખાતે ગઈ હોય. જે જયંતીભાઈને પસંદ ન હોય. પત્નીને અવાર નવાર ના પાડવા છતાં પત્ની એકની બે ન થતાં પતિને માઠુ લાગી આવ્યું હતું, અને આવેશમાં આવી કામરેજ તાલુકાના નવીપારડી સુમુલ ડેરી ખાતે ઝેરી પ્રવાહી પી લીધી હતી. જે અંગેની જાણ પરિવારને થતાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયંતીભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

વર્ષ 2021નું લગ્નનું છેલ્લું શુભમુહૂર્ત 13 ડિસેમ્બર રહેશે

ભાસ્કર ન્યૂઝ | નવસારી

દેવઉઠી એકાદશી તિથિ ભેદના કારણે અમુક જગ્યાએ 14 તો અમુક જગ્યાએ 15 નવેમ્બરના રોજ ઉજવવામાં આવશે. આ દિવસથી લગ્ન અને અન્ય માંગલિક કાર્યોનો સિલસિલો શરૂ થઈ જાય છે. લોક પરંપરા પ્રમાણે આ એકાદશીને વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે, એટલે આ દિવસે દરેક પ્રકારના શુભ કામ થઈ શકે છે. નવેમ્બરમાં લગ્ન માટે દેવઉઠી એકાદશી સહિત માત્ર 7 જ દિવસ મુહૂર્ત છે. ત્યાંજ, ડિસેમ્બરમાં લગ્ન માટે 6 મુહૂર્ત રહેશે. 13 ડિસેમ્બર વર્ષનું છેલ્લું મુહૂર્ત રહેશે. તો, આવતા વર્ષે પણ લગ્નની ધૂમ 20 જાન્યુઆરી પછી જ શરૂ થશે.

વર્ષ 2021ની વાત કરીએ તો લગ્ન માટે માત્ર 51 દિવસ હતા. 18 જાન્યુઆરીએ પહેલું મુહૂર્ત હતું. તે પછી ગુરુ અને શુક્ર ગ્રહના કારણે વર્ષના શરૂઆતના મહિનામાં લગ્ન થઈ શક્યા નહીં. મકરસંક્રાંતિ પછી 19 જાન્યુઆરીથી 16 ફેબ્રુઆરી સુધી ગુરુ તારો અસ્ત રહ્યો હતો. પછી 16 ફેબ્રુઆરીથી જ શુક્ર તારો 17 એપ્રિલ સુધી અસ્ત રહ્યો. આ કારણે લગ્નનું બીજુ મુહૂર્ત 22 એપ્રિલના રોજ આવ્યું હતું. તે પછી દેવશયન પહેલાં એટલે 15 જુલાઈ સુધી 37 દિવસ લગ્નના મુહૂર્ત રહ્યાં. હવે 15 નવેમ્બરે દેવઉઠી એકાદશીથી 13 ડિસેમ્બર સુધી લગ્ન માટે 13 દિવસ રહેશે.

મોરી પાસે ટ્રકની અડફેટે બારડોલીના યુવકનું મોત

ભાસ્કર ન્યૂઝ | કડોદ

સુરત જિલ્લાના બારડોલી તાલુકાનાં મોરી ગામની સીમમાંથી બાઈક ઉપર પસાર થઈ રહેલ યુવાનને એક ટ્રક ચાલકે અડફેટે લેતા યુવકને ગંભીર ઈજા પહોંચતાં સુરત સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બારડોલી નગરના ગાંધી રોડ પર આવેલ ખોડિયાર નગર સોસાયટીમાં રહેતા સંજયભાઈ ઈશ્વરભાઈ ચૌધરી (46) નાઓ કે જે સુરત કપડાની દુકાનમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે. અને તેઓ છેલ્લા એક વર્ષથી કેસરકુંજ સોસાયટીમાં રહેતી તેમની બહેન સાથે રહે છે. ગત તા-30 ઓક્ટોબરના રોજ તેઓ સુઝુકી એક્સેસ મોપેડ નંબર (GJ-19BB-3390) ઉપર સવાર થઈ મોરી ગામની સીમમાંથી પસાર થઈ રહયા હતા. તે સમયે પૂર ઝડપે હંકારી આવેલ એક ટ્રક નંબર (GJ-21-W-9081) ના ચાલકે સંજયભાઈની મોપેડ ને અડફેટે લીધી હતી. સર્જાયેલા અકસ્માતમાં તેમને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે બહેન મંજુલાબેને બારડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મહુવા 1 પોઝિટિવ, 6 એક્ટિવ કેસ રહ્યા

બારડોલી | જિલ્લામાં કોરોના સંક્રમણના કેસ એકલ દોકલ જોવા મળી રહ્યાં છે. ગત રોજ જિલ્લામાં એક પણ કેસ નોંધાયો ન હતો, જ્યારે શનિવારના રોજ મહુવા તાલુકામાં 1 કોરોના પોઝિટિવ નોંધાતા મહુવા તાલુકામાં અત્યાર સુધીમાં 2513 લોકોએ કોરોનાથી સંક્રમીત થયા છે. જ્યારે જિલ્લામાં અત્યાર સુધીમાં 32204 લોકો સંક્રમીત થયા છે.

ટોકિયો પ્લાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ

રજી. ઓફિસ: પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાચીગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L25209DD1992PLC009784 website: www.tokyoplastint.in
ટેલિ: +91 22-61453300, ફેક્સ: +91 22-66914499

30 સપ્ટેમ્બર, 2021 ના ત્રિમાસિક અને છ માસના અંતે પુરા થતાં અનઓડિટેડ નાણાકીય પરિણામનો ઉતારો (રૂા. લાખમાં)

વિગતો	એકલ			એકત્રિત		
	30.09.2021ના અંતે ત્રિમાસિક અનઓડિટેડ	30.09.2021ના અંતે છ મહિનાનું અનઓડિટેડ	30.09.2020ના અંતે ત્રણ મહિનાનું અનુરૂપ અનઓડિટેડ	30.09.2021ના અંતે ત્રિમાસિક અનઓડિટેડ	30.09.2021ના અંતે છ મહિનાનું અનઓડિટેડ	30.09.2020ના અંતે ત્રણ મહિનાનું અનુરૂપ અનઓડિટેડ
ઓપરેશનમાંથી કુલ આવક	2096.79	3397.71	1565.69	2096.79	3397.71	1565.69
ચોખ્ખો નફો/ (નુકશાન) (કર, અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પહેલા)	21.97	23.02	34.32	21.97	23.02	34.32
ચોખ્ખો નફો/ (નુકશાન) કર પહેલા(અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પછી)	21.97	23.02	34.32	21.97	23.02	34.32
ચોખ્ખો નફો/ (નુકશાન) કર પછી (અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પછી)	22.76	23.54	30.17	22.76	23.54	30.17
કુલ વ્યાપક આવક/ (નુકશાન) (સમાવિષ્ટ નફો/ (નુકશાન) સમયગાળા માટે (કર પછી) અને કર બાદ અન્ય સર્વગ્રાહી આવક)	12.40	25.02	30.81	12.06	25.16	34.25
ઈક્વિટી શેર કેપિટલ (ફેશવેલ્યુ રૂા.10/- શેર દીઠ)	950.14	950.14	950.14	950.14	950.14	950.14
આવક શેર દીઠ (અસામાન્ય આઈટમો બાદ)						
બેઝીક :	0.13	0.26	0.32	0.13	0.26	0.36
ડાઈલ્યુટેડ :	0.13	0.26	0.32	0.13	0.26	0.36

નોંધ: 1. શુક્રવાર, 12 નવેમ્બર, 2021 ની સંબંધિત મિટીંગમાં ઉપરોક્ત પરિણામની ઓડિટ કમિટીએ સમીક્ષા કરી અને બોર્ડ ઓફ ડિરેક્ટરોએ બહાલી આપી. કંપનીના વૈધાનિક ઓડિટર્સ દ્વારા પરિણામોની મર્યાદિત સમીક્ષા કરવામાં આવી છે. 2. સેબી (જવાબદારી અને જરૂરિયાતની યાદી) નિયમન, 2015 ના નિયમ 33 હેઠળ ઉપરોક્ત વિગતવાર ત્રિમાસિક નાણાકીય પરિણામનો ઉતારો સ્ટોક એક્સચેન્જમાં રજૂ કર્યો છે. ત્રિમાસિક નાણાકીય પરિણામનો સંપૂર્ણ ઉતારો ઉપલબ્ધ છે સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ www.nseindia.com & www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.tokyoplastint.in

ટોકિયો પ્લાસ્ટ ઈન્ટરનેશનલ લિમિટેડ માટે
સહી/- વેલજી એલ. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
DIN : 00007239

સ્થળ: મુંબઈ
તારીખ: 12.11.2021

ટોકિયો ફાયનાન્સ લિમિટેડ

રજી. ઓફિસ: પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાચીગામ રોડ, દમણ,
દમણ અને દીવ-396210 CIN: L65923SDD1994PLC009783 website: www.tokyofinance.in
ટેલિ: +91 22-61453300, ફેક્સ: +91 22-66914499

30 સપ્ટેમ્બર, 2021 ના ત્રિમાસિક અને છ માસના અંતે પુરા થતાં અનઓડિટેડ નાણાકીય પરિણામનો એકલ ઉતારો (રૂા. લાખમાં)

વિગતો	30.09.2021ના અંતે ત્રિમાસિક અનઓડિટેડ	30.09.2021ના અંતે છ મહિનાનું અનઓડિટેડ	30.09.2020ના અંતે ત્રણ મહિનાનું અનુરૂપ અનઓડિટેડ
ઓપરેશનમાંથી કુલ આવક	14.08	26.35	3.08
ચોખ્ખો નફો/ (નુકશાન) (કર, અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પહેલા)	2.43	(1.02)	(8.47)
ચોખ્ખો નફો/ (નુકશાન) કર પહેલા(અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પછી)	2.43	(1.02)	(8.47)
ચોખ્ખો નફો/ (નુકશાન) કર પછી (અસાધારણ અને/અથવા અસામાન્ય આઈટમો પછી)	2.43	(1.02)	(8.48)
કુલ વ્યાપક આવક/ (નુકશાન) (સમાવિષ્ટ નફો/ (નુકશાન) સમયગાળા માટે (કર પછી) અને કર બાદ અન્ય સર્વગ્રાહી આવક)	2.14	(1.61)	(8.53)
ઈક્વિટી શેર કેપિટલ (ફેશવેલ્યુ રૂા.10/- શેર દીઠ)	694.25	694.25	694.25
આવક શેર દીઠ (અસામાન્ય આઈટમો બાદ)			
બેઝીક :	(0.03)	(0.02)	(0.12)
ડાઈલ્યુટેડ :	(0.03)	(0.02)	(0.12)

નોંધ: 1. શુક્રવાર, 12 નવેમ્બર, 2021 ની સંબંધિત મિટીંગમાં ઉપરોક્ત પરિણામની ઓડિટ કમિટીએ સમીક્ષા કરી અને બોર્ડ ઓફ ડિરેક્ટરોએ બહાલી આપી. કંપનીના વૈધાનિક ઓડિટર્સ દ્વારા પરિણામોની મર્યાદિત સમીક્ષા કરવામાં આવી છે. 2. સેબી (જવાબદારી અને જરૂરિયાતની યાદી) નિયમન, 2015 ના નિયમ 33 હેઠળ ઉપરોક્ત વિગતવાર ત્રિમાસિક નાણાકીય પરિણામનો ઉતારો સ્ટોક એક્સચેન્જમાં રજૂ કર્યો છે. ત્રિમાસિક નાણાકીય પરિણામનો સંપૂર્ણ ઉતારો ઉપલબ્ધ છે સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.tokyofinance.in

ટોકિયો ફાયનાન્સ લિમિટેડ માટે
સહી/- વેલજી એલ. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
DIN : 00007239

સ્થળ: મુંબઈ
તારીખ: 12.11.2021

PUBLIC NOTICE

SONAL PRADEEP PANCHAL, residing at: Flat No. B/105, Mangalwatika, Balitha, Taluka. Vapi, District. Valsad, State. Gujarat. India. Decided to avail finance from my client bank by depositing several title deeds and as per the requirement of my client bank the following document has been lost/misplaced. Hence any person or persons, company, firm and/or any financial institutions, banks having any kind of charge, encumbrance, lien etc. of whatsoever nature may notify to the undersigned within **7 (SEVEN) DAYS** from the date of publication of this notice failing which, my client shall consider that title of above said property is clear and marketable and free from any kind of encumbrances and shall proceed with the finance to **SONAL PRADEEP PANCHAL.**

SCHDULE OF THE PROPERTY

A Residential Flat No. **B/203,** admeasuring **1194.00** square feet's i.e. **110.96** square meters, built-up area, situated on **Second Floor** of **'B'** building known as **'Raj Residency -2'** constructed on a non-agricultural land bearing Survey No. **50/2/Paiki 1,** admeasuring **12485.00** square meters (New Survey No. **1138),** Situated at Village **Balitha,** Taluka: Vapi, District: Valsad, State. Gujarat, India together with all other rights, title interest and benefits connected thereto, which has undivided **15.00** Square meters shares in the above said land.

DETAIL OF LOST OF DOCUMENT

1. An Original Registered Sale Deed, vide Sr.No. 2356, dated 23.03.2015 along with original registration fee receipt.
2. An Original Registered Sale Deed, vide Sr. No. 897, dated 29.01.2010 along with original registration fee receipt.

Address:
Shop No. 3, Snehdeep Comm. Complex,
Next to Surat Peoples Co-Op. Bank Ltd.
N.H. No. 8, G.I.D.C., Vapi-396 195,
Taluka : Vapi, District: Valsad Gujarat.
E-mail: rnmehta.adv@gmail.com
Mob.No. 98255 40552

sd/-
MISS. RASHMIKA N.MEHTA
B.com. LLM.
(ADVOCATE & NOTARY)

દશા શ્રીમાળી વણિક અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની **સુનીબેન જીતેન્દ્ર શાહ** નું તા. ૧૩.૧૧.૨૦૨૧ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઠાકોરજી એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

લિ.
જિતેન્દ્ર મુરલીધર શાહ (રાજેશ ટાઈપ ક્લાસ)
રાજેન્દ્ર મુરલીધર શાહ પ્રજ્ઞા રાજેન્દ્ર શાહ
આશિત જીતેન્દ્ર શાહ દિપાલી આશિત શાહ
રિઆ આશિત શાહ

સ્વ. સુનીબેન જીતેન્દ્ર શાહ
દેહ-ચક્ષુદાતા
સ્વ.તા. ૧૩.૧૧.૨૦૨૧

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે, તમારો હાથ મારી ઉપર છે,
આર્શિવાદ રૂપે, નાનો હતો હું અને ઓછી હતી સમજ તો પણ,
મારા પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે, પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યુ
તમે, હૃદય જેનું વિશાળ, એમને ભેટ સ્વરૂપે શું આપીએ?
બસ! પ્રભુને પ્રાર્થના એક જ...
હરજન્મમાં મળે પિતા તમે જ....

લિ.
પ્રશાંત જયંતિભાઈ ભંડારી (પુત્ર) | હેમલ પ્રશાંત ભંડારી (પુત્રવધુ)
કૃણાલ જયંતિભાઈ ભંડારી (પુત્ર) | ઈતિક્ષા કૃણાલ ભંડારી (પુત્રવધુ)
પરેશકુમાર ભાણાભાઈ પટેલ (જમાઈ) | દીપ્તિ પરેશ પટેલ (પુત્રી)
ઈષા, ધ્રુવ, વેદ, પંથ, સાન્વી

સ્વ. જયંતિભાઈ નાગરભાઈ ભંડારી
સ્વ. તા. 14-11-2020
સ્થળ: ચંદનવન એપાર્ટમેન્ટ, વલસાડ

ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

પરિશ્રમ ભરેલુ જીવન જીવી સુખ સહુને દઈ ગયા, દુઃખને દેખાડ્યું નહી, જીવનભર મહેનત કરી આપે, દુઃખના દરિયા વેઠી કુંટુંબ ને સુખના સાગરમાં તરતા મુકી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રભુને પ્રાર્થના.

લિ.
હંસાબેન ખાલપભાઈ પટેલ
દિનેશભાઈ ખાલપભાઈ પટેલ
યુગ દિનેશભાઈ પટેલ
પૂનમ દિનેશભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર

સ્વ. ખાલપભાઈ શુક્કરભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૧૧/૨૦૧૭
કોળીવાડ, બોરડી ફળિયુ, વાપી

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. મંજુલાબેન લક્ષ્મણભાઈ ભંડારી
જન્મ તા. 18/04/1955 સ્વ. તા. 14/11/2020

છાને ખુણે રડી લઈશું, આવશે તારી યાદ, જ્યાં કુદરત અમારી રૂઠે, ત્યાં કોને કરવી ફરિયાદ, મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
પ્રેમાભાઈ લક્ષ્મણભાઈ ભંડારી (ભાઈ)
ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ ભંડારી (ભાઈ)
રમેશ પી. ભંડારી (ભત્રીજા) | મુનેશ પી. ભંડારી (ભત્રીજા)
ગજાનંદ પી. ભંડારી (ભત્રીજા) | પંકજ ડી. ભંડારી (ભત્રીજા)
સુરેશ પી. ભંડારી (ભત્રીજા) | ગણેશ ડી. ભંડારી (ભત્રીજા)
તથા સમસ્ત ભંડારી પરિવાર

મું.પો. ખરડપાડા, સ્કુલ ફળિયા, જલારામ કુટીર, દા.ન.હ.